**અમદાવાદના મહે. એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૮,અમદાવાદ.**

**ક્રિ.કેસ નં. ૧૪૩૫/૨૦૧૬**

-

ફરીયાદી :- શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઓ :- (૧) મનીષ રામાનુજ રાય

ગુન્હો :- ધી જુગાર ધારાની કલમ ૧૨ અ મુજબ.

આરોપીઓ આજરોજ હાજર છે. પોલીસ પેપર્સની નકલો આપી, પ્લી લેતાં તથા કબુલાતની પુરશીસ વંચાણે લેતાં આરોપીએ સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરેલ છે. તેઓની રજુઆત પ્રથમ ગુન્હો, સામાન્ય આર્થિક સ્થિતિ હોવાનું તથા કૌટુંબિક સ્થિતિ અંગે રજુઆત સાંભળી. વળી, જો કેસ ચાલે તો વર્ષો સુધી કોર્ટમાં ધકકા ખાવા પડે, તેથી ઓછી સજા કે દંડ થાય તે માટે પણ ગુનો કબુલ કરવામાં આવે છે. વળી, સજાનો હુકમ થાય તો જેલમાં અન્ય રીઢા ગુન્હેગારના સંપર્કમાં આવે અને તે પોતે પણ રીઢો ગુનેગાર બને. તે પરિસ્થિતિમાં સજાનો હેતુ માર્યો જાય. તેવી તમામ હકીકતો ધ્યાને લઈ આરોપીની ગુનાની વિગત, સ્વેચ્છાપૂર્વકની કબુલાત તથા તેઓની આર્થિક, સામાજીક, કૌટુંબિક સ્થિતિને લક્ષમાં લેતાં ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

આ કામે આરોપી નં.૧ ને ક્રિ.પ્રો.કોડની કલમ ૧૨અ અન્વયે ધી જુગાર ધારાની કલમના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવી દરેક આરોપીને રૂ. ૫૦૦/- ( અંકે રૂપિયા પાંચસો પુરા ) દંડ ભરવાનો તથા કોર્ટ ઉઠતાં સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડની રકમ ભરપાઈ ન કરે તો દિન- ૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. જયારે આરોપી નં.૨ થી ૪ નાઓએ અગાઉ ગુનો કબુલ કરેલ હોય તેઓની સામેનો કેસ પુર્ણ થઈ ગયેલ છે.

મુદ્દામાલના નાણાં સરકાર ખાતે જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે જયારે અન્ય મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ તારીખ ૧૩ મી માહે મે સને ૨૦૨૩ ના રોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૫/૨૦૨૩
અમદાવાદ

(કુ. રૂચિતા વિકાસ રાજે)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૮,અમદાવાદ.
કોડ નં.જી.જે.૦૧૦૪૮